# પ્રત્યેક સેક્ટરના પાંચ અગ્રણી નાગરિકોના ઘરે ઘરે જઈને કલ્ચરલ ફોરમ દ્વારા વૃક્ષારોપણ

**નગરનો પ્રત્યેક નાગરિક બે વૃક્ષ વાવે અને ઉછેરે એવી અપીલ સાથે પૂજ્ય ગુરુમાએ સમદર્શન આશ્રમમાં વૃક્ષારોપણ કર્યું**






ગાંધીનગર,તા.૦૩

ગાંધીનગરનો પ્રત્યેક નાગરિક પોતાના ઘર આંગણે બે વૃક્ષ વાવે અને ઉછેરે એવી અપીલ સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે 'વૃક્ષ વાવો-વૃક્ષ ઉછેરો મહાઅભિયાન' આદર્યું છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગરના પ્રત્યેક સેક્ટરમાં પાંચ આગેવાનોના નિવાસસ્થાને જઈને વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. આજે સેક્ટર-૧ માં સમદર્શન આશ્રમના પ્રાંગણમાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ વૃક્ષારોપણ કરીને નાગરિકોને પોતાના ઘર આંગણે બે વૃક્ષ વાવવાની અને તેનું જતન કરવાની અપીલ કરી હતી. સમદર્શન આશ્રમના સાનિધ્યમાં સેક્ટર-૧ ના આગેવાન નાગરિકોએ ૧૦ વૃક્ષો વાવ્યા હતા. આ ઉપરાંત સેક્ટર-૧ માં પૂર્વ મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, વેસ્ટર્ન એગ્રી સીડ્સવાળા અગ્રણી ઉદ્યોગપતિ શ્રી નારાયણભાઈ પી. પટેલ, ગુડાના પૂર્વ અધ્યક્ષ શ્રી આશિષભાઈ દવે અને જાણીતા બિલ્ડર શ્રી ચેતનભાઈ પટેલના નિવાસસ્થાને જઈને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સેક્ટર-૧ ના આગેવાન નાગરિકો વૃક્ષારોપણમાં ઉત્સાહભેર જોડાયા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રીકૃષ્ણકાન્તભાઈ જહા ઉપરાંત સમદર્શન ટ્રસ્ટના શ્રી કિરીટભાઈ અધ્વર્યુ, શ્રી કે. જે. પટેલ, ફોરમના આગેવાનો શ્રી મહેન્દ્રભાઈ ગજ્જર, શ્રી હિરેન ભટ્ટ, શ્રી ડૉ. પિયુષ દવે, શ્રી દિપક ભટ્ટ, શ્રી સી. એલ. મહેતા, શ્રી ભાવિન પટેલ, શ્રી રાજન શાહ, સેક્ટર-૧ ના આગેવાનો શ્રી સરજીત નાણાવટી, શ્રી જી. પી. પટેલ વગેરે પણ વૃક્ષારોપણમાં જોડાયા હતા. ગુરુવારે તા. ૪ ઓગસ્ટે સેક્ટર-૨ માં વૃક્ષારોપણનું મહાઅભિયાન હાથ ધરાશે.

# સે. ૨૧ના શાકમાર્કેટ પાસે "આપ"નું ગરબા સાથે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૦૩

ભાજપ સરકાર દ્વારા ગરબા પર ૧૮ ટકા જીએસટી લાગુ કરાતાં આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગરના સેક્ટર-૨૧માં શાકમાર્કેટ પાસે ગરબા તેમજ રેલી કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું જેમાં પ્રદેશ ઉપાધ્યક્ષ રીનાબેન રાવલ, લોકસભા પ્રમુખ મુકેશભાઈ પટેલ, જનરલ સેક્રેટરી સૂર્યસિંહ ડાભી, મહાનગરપાલિકા કોર્પોરેટર તુષારભાઈ પરીખ, રણજીતસિંહ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં આપના અગ્રણીઓ તેમજ કાર્યકરોએ ગરબા ગાઈને વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપ સરકાર આઈપીએલની કમાણી ટેક્સ ફ્રી કરે છે પરંતુ હિન્દુઓના ગરબા પર ટેક્સ નાંખે છે, હિન્દુત્વના નામે મત માંગતી ભાજપ સરકાર હિન્દુઓને છેતરી રહી છે તેવાં આક્ષેપ કરતા પ્લે કાર્ડ્સ આપ પાર્ટીના નેતાઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.




ગરબાના પાસ પર જીએસટી લગાવવાના નિર્ણયનો ચોતરફથી વિરોધ થઈ રહ્યો છે. ખેલૈયાઓની સાથે સાથે સામાન્ય નાગરિકો પણ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. આમ આદમી પાર્ટી દ્વારા સરકારના આ નિર્ણયનો વિરોધ કરાયો હતો અને સેક્ટર-૨૧ ખાતે દેખાવો યોજ્યા હતા.



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા ગાંધીનગરના સે.૧માં ગાયત્રી મંદિર ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત "હર ઘર તિરંગા" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ભિયાનમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ જોડાયાં હતાં.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિશાળ રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્વાતંત્ર્ય પર્વ ઉજવશે

**કડી ખાતેના કેમ્પસમાં ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે**

ગાંધીનગર, તા.૦૩

સમગ્ર રાષ્ટ્ર જ્યારે આઝાદીનું અમૃત પર્વ ઉજવી રહ્યું છે, ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી તથા ગાંધીનગરના પરીસરોમાં આઝાદીના અમૃત મહોત્સવની ગૌરવપૂર્ણ ઉજવણીનું આયોજન થઈ રહ્યું છે. સમગ્ર નાગરિકવૃંદ રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી થાય, રાષ્ટ્રીય પ્રતીકો તથા એકતા અને અખંડિતતાના મૂલ્યો આત્મસાત કરે, દેશપ્રેમ ઉજાગર કરે અને શહીદવીરોની શહીદીનું સ્મરણ કરી ભારતીય સંસ્કૃતિના વારસાનું જતન કરે તે હેતુથી રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર 'હર ઘર તિરંગા અભિયાન'માં ગૌરવસભર તથા સક્રિયપણે જોડાશે જે અંતર્ગત સંસ્થાના કડી ખાતેના કેમ્પસમાં ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે.

રાષ્ટ્રની આઝાદીના સંઘર્ષમાં સર્વ વિદ્યાલયનું પણ સવિશેષ પ્રદાન રહ્યું છે. આ સંઘર્ષમાં સંસ્થાના ઘણા છાત્રો, શિક્ષકો અને સંચાલકોએ પણ ભૂતકાળમાં જેલવાસ વેઠ્યો છે. ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગ સ્વરૂપે ઉત્તર ગુજરાતમાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે અને રાજ્યના પાટનગર ગાંધીનગર વિસ્તારમાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ ગાંધીનગરના શૈક્ષણિક કેમ્પસ સેક્ટર- ૨૩ અને સેક્ટર- ૧૫ ખાતે ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સર્વ .વિશ્વવિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા ભવ્યતાથી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રાષ્ટ્રીય દિવસથી કાયમી ધોરણે ફરકાવવામાં આવશે. આવા વિરાટ રાષ્ટ્રધ્વજ એક સાથે ત્રણે કેમ્પસોમાં ફરકાવતા આ પ્રસંગ આઝાદીના અમૃત મહોત્સવનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બનશે. પરિણામે સર્વ વિદ્યાલય પરિવાર કડી અને ગાંધીનગરમાં અનેરો ઉત્સાહ વર્ધિત થશે. વિશેષ સ્વરૂપે કડી અને ગાંધીનગરનાં શૈક્ષણિક કેમ્પસોમાં ફરજ બજાવતા તમામ ૨૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસસ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી દરેક કર્મચારીને રાષ્ટ્રધ્વજ સાથે ધ્વજદંડ એનાયત કરવામાં આવશે. કડી અને ગાંધીનગર સર્વ વિદ્યાલય સંસ્થા પરિવાર પણ ૭૫માં આઝાદી અમૃત મહોત્સવ પ્રસંગે ઉત્તર ગુજરાત અને ગાંધીનગરમાં સૌથી ઊંચા ધ્વજસ્તંભ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવી ધન્યતા અનુભવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રભક્તિ સાથે જોડાયેલ સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા વર્ષ ૨૦૧૯માં ૫૫૧ ફૂટ લાંબા તિરંગા સાથે ઐતિહાસિક "શૌર્યયાત્રા" કડી અને ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

# પ્રાકૃતિક ખેતી તરફ અગ્રેસર બનતું ગુજરાત

આજે સમગ્ર વિશ્વમાં બેક ટુ બેઝીક કે બેક ટુ નેચરનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આપણે સહુ બદલાતા જળવાયુ પરિવર્તનની અસરોને અનુભવી રહ્યાં છીએ. તેની સામે આપણે કૃષિને ટકાવી રાખવી અનિવાર્ય છે. આજે વર્ષોથી ચાલી આવતી રાસાયણિક ખાતરના ઉપયોગથી વધુ પાક મેળવવાની ખેત પદ્ધતિને બદલવાનો સમય આવી ગયો છે. રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી પકવેલુ અનાજ આજે ઘણા રોગોનું કારણ બન્યું છે. પહેલા જે ગંભીર રોગો સામાન્ય રીતે ૬૦ થી ૬૫ વર્ષની ઉંમરે જોવા મળતાં હતાં, તે આજે ૪૦ થી ૪૫ વર્ષની ઉંમરે જોવા મળી રહ્યાં છે. સાથે જ કેમિકલ ફર્ટીલાઇઝરના વધુ પડતા ઉપયોગથી આપણે જમીનની ગુણવત્તાને પણ ખરાબ કરી રહ્યા છે. આપણે એક પ્રકારે વધારે પાકની જરૂરિયાતમાં ધરતીમાતાને ઝેર આપીને ધરતીમાતાનું સ્વાસ્થ્ય ખરાબ કરી દીધું છે. રાસાયણિક ખાતરોના ઉપયોગ આ જ પ્રકારે ચાલુ રહ્યો તો સમય જતા જમીન પોતાની ગુણવત્તા ગુમાવતી જશે. આ બધી સમસ્યાઓનો ઉપાય છે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી. વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક ખેતીને દેશ વ્યાપી પ્રોત્સાહન આપી રહ્યાં છે, ત્યારે તેમના પગલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા મિશન મોડ એપ્રોચ સ્વીકાર્યો છે.

## પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતોને દેશ ગાયની જાળવણી માટે રૂ. ૧૦,૮૦૦ની સહાય




પ્રાકૃતિક ખેત-પદ્ધતિમાં ઇનપુટ ખર્ચ ઓછો હોય છે કારણકે બજારમાંથી ખાતર અથવા અન્ય જંતુનાશકો ખરીદવાની જરૂર નથી. રાજ્ય સરકાર ગુજરાતમાં ગાય આધારિત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહી છે, જેમાં કોઇ હાનિકારક રસાયણોનો ઉપયોગ થતો નથી. એક ગાય ધરાવતો ખેડૂત ગાયના ગોબર અને મૂત્રનો ઉપયોગ કરીને લગભગ ૩૦ એકર જમીનમાં ખેતી કરી શકે છે. આવા કુદરતી ઘટકો જમીનની ફળદ્રુપતા વધારે છે અને ખેડૂતોના ઇનપુટ ખર્ચમાં ઘટાડો કરે છે. ગુજરાતના ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને પહેલો અમલમાં મૂકી છે. રાજ્ય સરકાર કુદરતી ખેતી અપનાવનારા ખેડૂતોને દેશી ગાયની જાળવણી માટે ૧૦,૮૦૦ રૂપિયાની વાર્ષિક સહાય આપે છે. અત્યાર સુધીમાં ૨ લાખ ખેડૂતોમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. આવી રીતે આપણા દેશમાં ગુજરાત રાજ્ય પહેલું રાજ્ય છે કે જે રાજ્યમાં ગૌપાલન ખેડુતો દ્વારા કરવામાં આવે છે અને તેનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે. આ યોજના અંતર્ગત 'જીવામૃત' તૈયાર કરવા માટે પ્રાકૃતિક કૃષિ કિટ (કિટ દીઠ રૂ. ૧,૩૫૦) ખરીદવા માટે પણ સહાય પૂરી પાડવામા આવી છે. ૪૦ હજારથી વધુ ખેડૂતોને પ્રકૃતિકૃષિ કિટ માટે લગભગ ૫ કરોડ રૂપિયા ઉપરાંતની સબસિડી આપવામાં આવી છે.

## ૪૦ હજારથી વધુ ખેડૂતોને પ્રકૃતિ કૃષિ કિટ માટે રૂ. ૫ કરોડ ઉપરાંતની સબસીડી

પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે અને તેના માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે ખેડુતોને તાલીમ, પ્રેરણા પ્રવાસ, મોડેલ ફાર્મ, પ્રાકૃતિક કૃષિ માટે સર્ટિફિકેશન, પ્રાકૃતિક કૃષિ પેદાશોમાં પેસ્ટીસાઇડ રેસિડ્યુ ટેસ્ટીંગ તેમજ ખાસ કરીને પ્રાકૃતિક કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થા માટે ખાસ જોગવાઇ કરવામાં આવેલી છે.

હાલના સમયમાં ઓર્ગેનિક ઉત્પાદનોની માંગમાં વધારો થયો છે અને તેથી ખેડૂતોને તેમના કુદરતી ઉત્પાદનોના સારા ભાવ મળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીની સફળતા માટે માર્કેટિંગ એ એક મહત્વપૂર્ણ કડી છે. ખેડૂતોને માર્કેટિંગ માર્કેટીંગ વ્યવસ્થા પુરી પાડવાની દિશામાં સરકાર મહત્વપુર્ણ કામગીરી કરી રહી છે. તે માટે ફ઼ૅંજ (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન) પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને માર્કેટિંગ જોડાણો પ્રદાન કરવા માટે એક મહત્વપૂર્ણ પાસું બન્યું છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણને સરળ બનાવવું અને નાના ખેત ધારકોને પણ તેમના ઉત્પાદનના સારા ભાવ મળે તેના માટે રાજ્યમાં અત્યારે ૮૪ જેટલા એફ્પીઓ (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) સ્થાપિત થઇ ચુક્યા છે.






પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતો તરફથી રાજ્ય સરકારને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આ પદ્ધતિએ ખેડૂતોને દેશી ગાયોના સંવર્ધન માટે પ્રોત્સાહિત કર્યા છે. જીવામૃત અને ઘન જીવનામૃતનો ઉપયોગ, કુદરતી જંતુનાશકોએ જમીનની ફળદ્રુપતા અને પાકની ગુણવત્તામાં ઘણો વધારો કર્યો છે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પર મોટી રકમ ખર્ચવાની જરૂર નથી. આ ઉપરાંત ખેડૂતોને તેમની કુદરતી ખેત પેદાશોના સારા ભાવ મળી રહ્યા છે. આ રીતે પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોની આવકમાં વધારો થયો છે. આમ, ઓછા ઈનપુટ ખર્ચ અને જૈવિક ખેત પેદાશોના ઊંચા ભાવ ખેડૂતોની આવકમાં મોટા પાયે વધારો કરશે. તેનાથી તેમની આવક બમણી કરવામાં મદદ મળશે. ખેડૂતોની નવી પેઢીને પણ આ ખેતી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહી છે.

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન રાજ્યની દરેક ગ્રામ પંચાયત દીઠ ઓછામાં ઓછા ૭૫ ખેડુતો પ્રાકૃતિક કૃષિ કરે તેવી પ્રેરણા આપી છે. જેને અનુસરીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આવાની દિશામાં ઝુંબેશ આરંભી છે. જેના ભાગરૂપે અત્યાર સુધીમાં અંદાજે એક લાખ ઉપરાંત ખેડુતોને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રશિક્ષિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્યના દરેક ગામના સરપંચ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિના જાણકાર થઇ શકે તે માટે આશરે ૧૧ હજાર જેટલા સરપંચોને વર્ચ્યુઅલ મોડથી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત માહિતગાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

## પ્રાકૃતિક ખેતીને વેગ આપવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના

ગુજરાતમાં ડાંગ જિલ્લો સંપૂણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવેલ છે.

મોટાભાગે લોકો ઔદ્યોગિક ક્ષેત્ર અને ટેક્નોલોજીનો જે ઝડપે વિકાસ થઈ રહ્યો છે તેની જ ચર્ચા કરતા હોય છે, પરંતુ આપણે એ બાબતને અવગણી ન શકીએ કે આજે પણ ભારતની મોટાભાગની વસ્તી કૃષિ પર નિર્ભર છે. આત્મનિર્ભર ભારતના વિચારના મૂળમાં જ કૃષિ ક્ષેત્ર રહેલું છે. આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આત્મનિર્ભર ગુજરાત દ્વારા આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે કૃષિ ક્ષેત્રને પણ સક્ષમ બનાવી રહ્યાં છે.